વૃદ્ધની વિનંતીનો કાગળ.

ધોળના રાગમાં.

તથા

લોખનના મહ વિશે ગરબી.

બનાવી પ્રસિદ્ધ કરનાર.

ગામે નોરણા તાલુકે કપડવંજના રહેનાર અને
મોડાસા મ્યુનીસીપાલીટીના સેક્રેટરી.

મેહેતા ત્રીભુવનદાસ અમથાલાલ.

અમદાવાદ

ખાડીયામાં હિતેચ્છુ પ્રેસમાં પટેલ નેશંગ
મુળજીએ છાપી.

પ્રથમાવૃત્તિ નકલો ૧૦૦૦.

આ પુસ્તક સને ૧૮૬૭ ના ૨૫ મા આક્ટ પ્રમાણે
નોંધાવ્યું છે.

સને ૧૮૮૬—સંવત ૧૯૪૨.

કીમત. રૂ૦—૧—૦. ટપાલ રૂ૦—૦—૬ જુદું.

२७४४

વૃદ્ધનો વિનંતીનો કાગળ.

ધોળના રાગમાં.

તથા

નાખનના મદ વિશે ગરબી.

બનાવી પ્રસિદ્ધ કરનાર.

મોજે તોરણા તાલુકે કપડવંજના રહેનાર અને
મોડાસા મ્યુનીસીપાલીટીના સેક્રેટેરી.
મેહતા ત્રીભુવનદાસ અમથાલાલ.

અમદાવાદ
ખાડીયામાં હિતેચ્છુ પ્રેસમાં પટેલ જેથંગ
મુળજીએ છાપી.

પ્રથમાવૃત્તિ નકલો ૧૦૦૦.

સને ૧૮૮૬—સંવત ૧૯૪૨.

કીમત. રૂ૦—૧—૦. ટપાલ રૂ૦—૦—૬ જુદું.

पुस्तकार्पण.

મેહેરબાન રાવસાહેબ દેવશંકર નભુલાલ ભાઈ મેહેતા, મોડાસાના માહાલકરી.

મુ. મોડાસા.

આપ નામદાર સાહેબ સરકારી કામ કાજના અત્યંત શ્રમમાં હોવા છતાં ધર્મ સંબંધીના પ્રાચીન સંસ્કૃત તથા પ્રાકૃત વીગેરે ગ્રંથો ખાનગી વેળાએ અવલોકન કરવામાં અત્યંત ઉત્કંઠા રાખી આત્મસાધન કરવા ઈચ્છા રાખોછો. એવું જાણી આ લઘુ પુસ્તક આપને અર્પણ કરૂંછું તે સ્વીકારશોજી.

મુ. મોડાસા.
તા.૮ મી માહે જુન સને ૧૮૮૬.

લી. સર્વવૈષ્ણવોનો દાસ
સેવક ત્રિભુવનદાસ અમથાલાલના
જેશ્રીકૃષ્ણ વાંચજો.

वृद्धनी विनंतीनो कागळ.

ધોળના રાગમાં.

"રામ લક્ષ્મણ વનમાં સીધાવતાં." એ રાગ.

સ્વસ્તિશ્રી પુરી દ્વારકાં શોભતી, મહાશુભસ્થાન કહેવાય,
જોવા મન થાય, કાગળ લખું કોડથી. ૧
પુજ્યારાધેન પર્મદયાળછો, ચોદ વિદ્યા ચોસઠ કળા જાણ,
બત્રીશામાં પ્રમાણ, કાગળ લખું કોડથી. ૨
ઉપમાયો અનેકને યોગ્ય છો, પાંડવના તમે પ્રતિપાળ,
છો દીનદયાળ, કાગળ લખું કોડથી. ૩
સુદામાનું દારિદ્ર કાપીયું, દ્રુપતી લજ્જા રાખણ હાર,
છો ભકત આધાર, કાગળ લખું કોડથી. ૪
શ્રીજી ધર્મધુરંધર ધણી તમે, મહારાજાધીરાજ ખમાય,
લાગું તમ પાય, કાગળ લખું કોડથી. ૫
મહારાજા શ્રીકૃષ્ણરાવજી, દંડવત પ્રણામ અપાર,
કરૂં વારંવાર, કાગળ લખું કોડથી. ૬
તજી જશ કરૂં વૃદ્ધ વિનતી, સદા સાય કરો મારા નાથ,
ઝાલો હવે હાથ, કાગળ લખું કોડથી. ૭

કાયાનગરીથી પત્ર આ પાઠવું, લખીતંગ કુમાવિસદાર,
જીવાજીના ઝવાર, કાગળ લખું કોડથી. ૮
જત લખવાનું કારણ એટલું, નચ મનસુખા કરેછે યાદ,
સુણો ફરિયાદ, કાગળ લખું કોડથી. ૯
સરકારની સરભરા સૌ કરે, તન દેઈ કરે ના કામ,
બગાડયું આ ગામ, કાગળ લખું કોડથી. ૧૦
આજ સૂધી હતો હું અજાણમાં, પછી આવ્યો જરાસનયાર,
તમ ચોપદાર, કાગળ લખું કોડથી. ૧૧
તેણે મુખજુબાની કેવી કહી, પુંઠે આવેસાહેબનો તલખાનો,
જીવાજી તે માનો, કાગળ લખું કોડથી. ૧૨
આજથી તો અમલ ઉઠયો આપનો, થોડા દહાડામાં થાશોજી
દૂર, મુકી કાયા પુર, કાગળ લખું કોડથી. ૧૩
એમ કેડે આવે તેડું તમતણું,કાળી ઠગલીતણો મહાકાળ,
સુણી પડી ફાળ, કાગળ લખું કોડથી. ૧૪
જરા આવતાં સુધ તો જતી રહી, ચિંતા થકી થયો દિગમૂઢ,
જાણે બીજો ધુડ, કાગળ લખું કોડથી. ૧૫
જરાસેન આવ્યો એવું જાણીયું, કાયાપુરમાં પેઠોછે કલેશ,
ઉજડ થયો દેશ, કાગળ લખું કોડથી. ૧૬
કોઇ તન દેઈ કામ કરે નહિં, કરે હુકમનું અપમાન,
ઉજડ થયાં થાન, કાગળ લખું કોડથી. ૧૭

ઉજડ ગામો ને નાઠા જે નોકરો, છે તે કરતા નથી હવે કામ,
લખું તેનાં નામ, કાગળ લખું કોડથી. ૧૮
કસ્બે મુસ્તકપુરી લાગી ધ્રુજવા, હતી શામ તે થૈછે સફેત,
જાણ્યે ફરી રેત, કાગળ લખું કોડથી. ૧૯
કાર્ણુ બેડાની ખબર તો છે નહીં, તેણે ઠેકાણે તો સુનકાર,
સુણે ના પોકાર, કાગળ લખું કોડથી. ૨૦
દંતલપુરીનો કિલ્લો પડી ગયો, મુખ પોળ તો થૈછે ભાગોળ,
ઊજડ થઇ ઓળ, કાગળ લખું કોડથી. ૨૧
રોટલીજી પેસે નહીં પોળમાં, તેમનિ મા રાબડીબાઇ નિત્ય,
રાખે ઘણી પ્રીત્ય, કાગળ લખું કોડથી. ૨૨
જીભબાઇને રાબડીબાઈ ના ગમે,સેવબાઇને એ નિત્ય સંભારે,
મળે ના લગારે, કાગળ લખું કોડથી. ૨૩
ફુલવાડીનો વાસ જતો રહ્યો, કયારા ટુટી ગયા ચાલીનીક,
થયું નહીં ઠીક, કાગળ લખું કોડથી. ૨૪
વાડી બેળી માળી તો મરી ગયો, રાંડો માંખ્યો ભરાયછે ની
ત્ય, વાડી સાથે પ્રીત્ય, કાગળ લખું કોડથી. ૨૫
નેત્રનગરીમાં ધોધ પડી ગયાં, ચારે તરફેથી ચાલેછે નીર,
ઉઠી ગ્યો હમીર, કાગળ લખું કોડથી. ૨૬
નવ નાર્યોનો નાશ મરી ગયો, સતીયો પુરમાં કરે નાશાબાસ,
પડયો બહુ ત્રાસ, કાગળ લખું કોડથી. ૨૭

હસ્તિ બેતો થયા હવે દૂબળા, માવત મુકી ગયો નથી પાસ,
જીવ્યાની શી આશ, કાગળ લખું કોડથી. ૨૮
પેટલાવાદમાં માલ ખપે નહીં, આમાઈબાઈ તો કરે અદેખાઈ,
લાવે પીડ ધાઈ, કાગળ લખું કોડથી. ૨૯
ગુદાગામ ને ઈદ્રિ ઉજડ થયાં, ખબર વિના કરેછે ખરાબ,
ગમે નહીં રાબ, કાગળ લખું કોડથી. ૩૦
ચર્ણદાસ તમારા બે જણા, તેતો થાકી થયા બેહાલ,
બુરા છે હવાલ, કાગળ લખું કોડથી. ૩૧
લાજ લોની રાખે બાઇલાકડી, એકલી એ કરે સોનું કામ,
એની ઘણી હામ, કાગળ લખું કોડથી. ૩૨
ખાટલીબાઇ ખુણે પડી રહે, એને આધારે આ ગામ,
આખરનો એ ઠામ, કાગળ લખું કોડથી. ૩૩
માળાબાઈના ચાળા હું તો પાડતો, હવે વાહાલાં લાગ્યાં મા
રા નાથ, ઝાલ્યાં મેં તો હાથ, કાગળ લખું કોડથી. ૩૪
માળા બાઈછો તમે મારી માવડી, મને મુક્તિ દેખાડોને આજ,
રાખો હવે લાજ કાગળ લખું કોડથી. ૩૫
ધર્મપીતા ભક્તિમાતા મેળવો, માળા કેહેછે બળ્યા ચાળા તારા,
હવે તો ઉધારા, કાગળ લખું કોડથી. ૩૬
આવ્યા પેહેલાંતું પાણી ના ચેતીઓ, અમલમાં કર્યો ઉધમાત,
બગાડી છે વાત, કાગળ લખું કોડથી. ૩૭

ગળાં ત્હજ ગરીબોનાં કાપીઆં,કોઈને નાઆપ્યુંરોર અનાજ,
હવે શું રે લાજ, કાગળ લખું કોટથી. ૩૮
ધણીના તેં હુકમ ઘણા લોપીયા, તેથી કોપ કર્યા શ્રી કહાને,
મારૂં કેમ માને, કાગળ લખું કોટથી. ૩૯
એવું માળાનું બોલવું સાંભળી, મને જંપ ન થાય લગાર,
થયો હું નાદાર, કાગળ લખું કોટથી. ૪૦
મારે તાબે હતું ધન જાહરે, ત્યારે સુઝ્યું નહીં શુભ કામ,
રટયો નહીં રામ, કાગળ લખું કોટથી. ૪૧
ચોતા ને અગ્નિ બન્યો મ્હેનડી, મને વરવાનું કહાવેછે નીત્ય,
વરીશું ખચીત, કાગળ લખું કોટથી. ૪૨
મ્હેલ જોડી કાઠી સાથે આવશે, સુખપાલે ઓફૂળ બાંધ્યાં ચાર,
જરૂર જનાર, કાગળ લખું કોટથી. ૪૩
પુરમાં નાંખે ન્હાનાં મ્હોટાં કાંકરા, નર નારી કરે ધીઃકાર,
ભાગી ગયો ભાર, કાગળ લખું કોટથી. ૪૪
એ પ્રમાણે ઉજડ થયાં ગામડાં, હવે રાજના નોકર જેહ,
જયા જશે તેહ, કાગળ લખું કોટથી. ૪૫
માનોજી દેસાઈ મરી ગયા, હુંકારજી જે કોટવાળ,
તેને કોઈ ના ભાળે, કાગળ લખું કોટથી. ૪૬
મચ્છરાજની ફૂણ વિષે રાજતા,: ફુમરાજા હતા જે દીવાન,
ગયા સમશાન, કાગળ લખું કોટથી. ૪૭

માણુદાર કાયાના જે કામજી, તેમનું થાણું થયુંછે વિદાય,
કાશી સંગ જાય, કાગળ લખું કોડથી. ૪૮
ક્રોધજી તો ધાયાછે કટારીએ, લોભજીને વાગી ઘણી લાતો,
ચાલી બધે વાતો, કાગળ લખું કોડથી. ૪૯
એવી રીતે વ્હાલા થઈ વેદના, મેં તો પાળ્યો ન કોલકરાર,
થયો ગુન્હેગાર, કાગળ લખું કોડથી. ૫૦
પળપળનો ગુન્હેગાર રાજનો, ઊંધો ઊંધો કર્યા રોજગાર,
બડો હું ગમાર, કાગળ લખું કોડથી. ૫૧
દફતર ચોખું નથી લાંચછે ઘણી, ધણી શર્ણ પડ્યો હું રાંક,
દયા લાવો કાંક, કાગળ લખું કોડથી. ૫૨
પુન્ય પારસમણિ પરખ્યો નહીં, પાપરૂપી ઝાલ્યો મેં તો સાપ,
ઉગારજ્યો બાપ, કાગળ લખું કોડથી. ૫૩
લાજ રાખજ્યો શ્રીકૃષ્ણરાવજી, સેવકની લેજો સંભાળ,
તમે સદાકાળ, કાગળ લખું કોડથી ૫૪
ઓગણીસો અઠ્ઠાવીસ સાલમાં, કારતગ કૃષ્ણપંચમી શનેઉ,
કર્યુ હતુ તેવું, કાગળ લખું કોડથી. ૫૫
યુવાવસ્થામાં આ દુઃખ સાંભર્યું, માટે સત્ય ચલાવોને શામ,
રટુ તમ નામ, કાગળ લખું કોડથી. ૫૬
ગામ તોરણા નાત્ય છે નાગરી, પગે લાગે ત્રીભોવનદાસ,
પુરો પ્રભુ આશ, કાગળ લખું કોડથી. ૫૭

જોબનના મદ વિશે ગરબી.

"આવો મારા વ્હાલારે, કહું એક વાતલડી." એ રાગ.

જોબન મદ જાગ્યોરે, સુઝે નહીં આંખડીએ,
કરે કેફ ઝાઝીરે, ચઢે લાલ ચાખડીએ. ૧
વણાગી છે વ્હાલીરે, ખાલી પતરાજ કરે;
મુછને તો મરોડેરે, વાંકો સીર પાઘ ધરે. ૨
કેશ બેશ ઓળીનેરે, આંખે શર્મો ભરે;
લાલ ભાલની ઉપરરે, બનગીઓ બાર કરે. ૩
મુખે પાનની બીડીરે, મસી ઘસી દાંતે વળી;
લવિંગ સોપારીરે, લાગે તજ ખુબ ગળી. ૪
વ્હાલો લાગેછે વાટુવોરે, તમાકુને ચુને ભર્યો;
કહેડમાં લાલ ખોસેરે, મહા મુલદાર કર્યો. ૫
દર્પણ ના મુકેરે, દેખે મુખ ભાવ કરી;
જોબન મદ ભુંડોરે, જાણે નહીં જાણે મરી. ૬
કડકડતું અંગરખુંરે, કરાવે બહુ સારૂ;
બખીયા હોય બારીકરે, ઘણું લાગે પ્યારૂ. ૭
હીરકોરનાં ધોતીયાંરે, ધોબી કરે ધોનારો;
ચિપી ચિપીને પાટલીરે, વાંકો વળી જોનારો. ૮
એડિ તો બે આંગળરે, જોડા ઝાઝા મુલતણા;
ચમ્મક ચાલ ચાલેરે, ચડચડ થાય ઘણા. ૯

હાથે લાલ લાકડીરે, જતિને રૂમાલ ગમે;
પરનારીની પુંઠેરે, અહોનિશ ભાવે ભમે. ૧૦
ખાટું ખારૂં ને તીખુંરે, ગળ્યું મોળું જોઈ જમે;
ઠઠાખાજીની વાતોરે, રામા સાથે રંગે રમે. ૧૧
ઘરેણું ઘડાવેરે, ઘોડો રાખે મદમાતો;
પ્રભુને ના પુજેરે, અંતે ખાવીછે લાતો. ૧૨
તરિયા પણ તેવીરે, જુવાનીમાં ખીલી રહે;
અભિમાનમાં ઝાઝોરે, વ્યભિચાર ચિત્ત ચહે. ૧૩
જુવાનિને જોરેરે, થવા લાગે દીવાનાં;
એવો મદ ભુંડોરે, હરિનાં એ સો વાનાં. ૧૪
કુસંગત થાતાંરે, જુવાનીમાં વહી જાશે;
સતસંગત થાતાંરે, હરિ ગુણી ઠિક થાશે. ૧૫
જોબનને જે વ્હાલુંરે, વદ્ધને તો તે વેરી;
એવો ખેલ અવળોરે, જુઓ મર્દને મ્હેરી. ૧૬
માટે મરવાનું જાણીરે, મિથ્યા ગર્વ સીદ ધરો;
તજી સંગ નઠારોરે, તમે સતસંગ કરો. ૧૭
મારા નાથા જુવાનીરે, મ્હારી તમે જાળવજયો;
કહે દાસ ત્રિભોવનરે, છકું નહી એવું થજ્યો. ૧૮

જાહેર ખબર.

આ ચોપડીની કીમત રૂ૦-૧-૦. ટપાલ ખરચ -૦-૬ પાઈ જુદું. આ ચોપડી નીચે લખેલ ઠેકાણેથી રોકડી કીમતે મળશે.

મોડાસા. ગાંધી. લલ્લુ કરસનજીની દુકાનેથી તથા કર્તા પાસેથી.

અમદાવાદ. ખાડીઆમા દેશાઈની પોળમાં રાજે શ્રી દાદાભાઈ ઇજતરામને ઘેર રાજે શ્રી કેશવલાલ માહાસુખરામ પાસેથી.

સામટી મગાવનારને દસ નકલે એક નકલ કમીશન બદલ મફત મળશે ને પાંચ ભેગી મગાવનારને ટપાલ ખરચ માફ. વેચવા રાખનારાઓને કમીશન આપવામાં આવશે. આ સંબંધી નીચેના સીરનામે લખી ખુલાસો પુછવાથી મળશે. નાટપેડ કાગળ લેવામાં આવશે નહી આ પુસ્તક ઉધારે મળશે નહી.

તા. ૮-૬-૮૬.
મુ. મોડાસા જી
લ્લે અમદાવાદ.

ત્રીભુવનદાસ અમથાલાલ
મોડાસા મ્યુનીસીપાલીટીના સેક્રેટર
પ્રસિધકર્તા.